ગાંધીનગર સમાચાર

નોટબંધીના એક મહીનાના અંતે પણ બેંકોમાં કતાર : એ.ટી.એમ. કેશલેસ

# શહેરમાં ૩૨૩ બાળકોને શ્વસનતંત્રની બિમારી

## શાળા-આરોગ્ય ચકાસણીમાં તપાસાયેલ ૧૩ હજાર જેટલા બાળકોમાંથી ૧૯ ટકા બાળકો કુપોષિત જણાઈ આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની વિવિધ પ્રા. શાળાઓમાં ભણતા ૩૨૩ બાળકોને શ્વસનતંત્રના રોગથી પિડાતા તથા ૭ બાળકોને હૃદયની બિમારીથી પિડાતા જણાયા છે.

આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં શહેરના ૧૩,૫૪૮ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે. ૬૨ હજાર જેટલા બાળકોની આ કાર્યક્રમમાં ચકાસણી કરવામાં આવનાર છે.

અત્યાર સુધી થયેલ કામગીરીમાં દાંતનો સડો ધરાવતા ૧૪૫૬ બાળકો મળી આવ્યા છે તો માનસિક તનાવ ધરાવતા પાંચ બાળકો, ચામડીના વિવિધ રોગ ધરાવતા ૧૬૧ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા ૭ બાળકો મળી આવ્યા છે.

આ ચકાસણીમાં સૌથી વધુ ચોંકાવનારૂ તારણ એ બહાર આવ્યુ છે કે તપાસાયેલ બાળકોના ૧૯ ટકા બાળકો કુપોષણથી પિડાતા જોવા મળ્યા છે. જે શહેરી વિસ્તારની બદલાયેલી જીવનશૈલી અને વધુ પડતા જંકફૂડ ખાવાની ટેવ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

૨૫૭૨ બાળકો પાંડુરોગ અને ૧૮૦ બાળકો આંત્રકૃમિથી પિડાતા મળી આવ્યા છે. વિટામીન એ ની ઉણપ ધરાવતા ૨ બાળકો, દૃષ્ટિની ખામી ધરાવતા ૪૮ બાળકો મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૬૧ બાળકો સંદર્ભ સેવા પાત્ર જણાયા છે. જે પૈકી ૨૮ બાળકોને નિષ્ણાત તબીબો દ્વારા ચકાસી પણ લેવામાં આવ્યા છે. શહેરના ૭ બાળકોને જણાયેલી હૃદયની બિમારીને તંત્ર ગંભીરતાથી લઈ રહેલ છે.

શહેરમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ૨૧મી નવેમ્બરથી શરૂ થયો છે જે ઉલ્લેખનીય છે.

ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં કુપોષણનું પ્રમાણ વધુ જોવા મળ્યુ છે. જે અત્યાર સુધી થયેલી તપાસની તુલનામાં બહાર આવેલ છે. વારંવાર થઈ રહેલ હવામાનના બદલાવને પગલે ૩૨૩ જેટલા બાળકોને શ્વસનતંત્રના રોગનો ભોગ બન્યા છે તે પણ ચિંતાજનક સ્થિતિ છે.

# શહેરના ફુટપાથો અને સેન્ટ્રલ વર્જને રંગરોગાન કરવા ૬૦ લાખ ખર્ચાશે

## વાઈબ્રન્ટને અનુલક્ષી બ્યુટીફિકેશનનુ કામ શરૂ : જરૂરી ઠેકાણે દિવાલોને પણ કલર કરાશે




ગાંધીનગર તા ૭

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં સુશોભન તેમજ રસ્તાના કામો શરૂ કરી દેવાયા છે. માર્ગ સુધારણા ઉપરાંત બ્યુટીફિકેશનની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. હાલ શહેરના વોક વે ,ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જમાં કલર કામ શરૂ કરી દેવાયુ છે. રંગરોગાનની આ કામગીરી પાછળ અંદાજિત અડધા કરોડથી વધુ ખર્ચ કરવામાં આવશે.

આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુશોભન તેમજ માર્ગ સુધારણા સહીત સફાઈની કામગીરી શરૂ કરી દેવાઈ છે. નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તમામ વિભાગને જરૂરી કામોની સોંપણી કરવામાં આવી છે. હાલ શહેરના માર્ગોને અનુલક્ષી સુધારણા તેમજ બ્યુટીફિકેશનના કામો શરૂ કરી દેવાયા છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનુ પણ ટ્રીમીંગ પણ કરી દેવાયુ છે. જયારે માર્ગો આસાપાસના વિસ્તારની સફાઈ તેમજ વન આરક્ષિત જગ્યામાં પણ ફેન્સીંગનુ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. આ માટે પણ અંદાજિત રૂ ૯૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં રંગરોગાનનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જેમાં ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જને પણ કલરકામ કરવામાં આવી રહયુ છે. સચિવાલયની કમ્પાઉન્ડ વોલ અને મહાત્મા મંદિરના વિસ્તારમાં પણ જરૂરી ઠેકાણે કલર કરવામાં આવશે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વોક વે ના કર્બિંગને કલર કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ રંગરોગાન કરવામાં આવી રહયો છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ માર્ગોની સુંદરતામાં વધારો કરવા માર્ગો વચાળે કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ મહીનાના અંતમાં મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવાશે. જયારે શહેરમાં વિવિધ ઠેકાણે રૂ ૬૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

# નોટબંધીના એક મહીનાના અંતે પણ બેંકોમાં કતાર : એ.ટી.એમ. કેશલેસ

## શહેરની બેંકોમાં એક પણ ઉદ્યોગપતિ ,રાજકારણી કે નગરસેવક કતારમાં જોવા મળતા નથી : આમ નાગરિકો હજુ પણ નોટબંધીની અસરથી પ્રભાવિત : નોટબંધીનો નિર્ણય લાભદાયી કે કેમ તે અંગે પણ અનેક તર્ક વિતર્ક : નવી જાહેરાત તરફ સૌ કોઈની મીટ




ગાંધીનગર તા ૭

નોટબંધીના એક મહીનાના અંતે પણ આમ નાગરિકો બેંકોની કતારમાં જોવા મળે છે. એ ટી એમથી આર્થિક વ્યવ્હાર કરવાનુ હજુ પણ મુશ્કેલ છે. જયારે એક મહીનાના લાંબા સમય બાદ પણ નાગરિકોને જરૂર મુજબની કેશ બેંકમાંથી ઉપલબ્ધ થતી નથી. બીજીતરફ નોટબંધી બાદ ઉદ્યોગપતિ રાજકારણી કે સ્થાનિક નેતાઓ બેંકોની કતારમાં જોવા મળ્યા નથી. માત્ર સામાન્ય માણસોને જ નોટબંધીની આડ અસરે પ્રભાવિત કર્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે નોટબંધીનો નિર્ણય આમ નાગરિકો માટે કેટલો લાભદાયી નિવડશે તે અંગે હજુ પણ અસમંજસભરી સ્થિતિ યથાવત છે. આવા સંજોગોમાં સૌ કોઈની મીટ નોટબંધીના પરિણામલક્ષી સમીકરણો તરફ મંડરાઈ છે.

પ્રધાનમંત્રી દ્વારા ગત તા ૮ નવેમ્બરના રોજ રૂ ૫૦૦ અને હજારની જુની નોટો બંધ કરવાની જાહેરાત કરી દેવાતા દેશના આર્થિક

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૧૩માં ૫૪ વર્ષીય મહિલાને ચિકનગુનિયા

## ડેન્ગ્યુના છુટા છવાયા કેસો; મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ તંત્રની ચિંતાનો મુદ્દો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સેક્ટર-૧૩માંથી આજે ચિકનગુનિયાનો એક કેસ મળી આવતાં શહેરી આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

૫૪ વર્ષીય મહિલાને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. સારવાર માટે ગયેલી જેના પરીક્ષણમાં ચિકનગુનિયા પોઝીટીવ જણાઈ આવેલ છે.

આ કેસ મળ્યાની ખબર પડતાં જ તંત્રની ટીમે દર્દીના રહેઠાણની આસપાસના ૧૫૦થી વધુ ઘરોની તપાસ અને સર્વેલન્સ કરતાં ૩ ઘરોમાંથી એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમોએ ત્યાં જ તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી હતી.

તંત્રની ટીમોને આસપાસમાંથી અન્ય કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી. જો કે તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં ફોગીંગની કામગીરી પણ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયાના અત્યાર સુધીમાં ૬ કેસ નોંધાયા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી ૧૫ દિવસ અમદાવાદ રોકાણ કરીને આવેલા છે. અમદાવાદમાં ચિકનગુનિયાના કેસો વધી રહ્યા છે તે પણ ઉલ્લેખનીય છે.

દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ ૩૫ ડિગ્રીએ અને રાત્રિનું તાપમાન ૧૨ થી ૧૫ ડિગ્રીની વચ્ચે રહેતુ હોઈ મચ્છરોની ઉત્પત્તિ માટે આ સાનુકૂળ

● અનુસંધાન પાન-૭ પર

# એસ.ટી. ડેપોમાં કોર્મશિયલ પ્રવૃતિનો વ્યાપ સિમિત

## જગ્યાનો ઉપયોગ કરી દુકાનો વધારવા વિચારણા : ડેપોને વધુ આવક થાય અને મુસાફરોને સુવિધા મળે તેવુ આયોજન કરવા માંગ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. જયારે ડેપોમાં કોર્મશિયલ વૃતિ પ્રવૃતિ પણ મંદ હાલતમાં છે. હાલ ડેપો સંકુલમાં સ્થિત કેન્ટીન તેમજ દુકાનો પણ પર્યાપ્ત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે ડેપો સંકુલમાં મહેસાણા અને અમદાવાદની જેમ કોર્મશિયલ પ્રવૃતિનો વ્યાપ વધારવા પણ આમ નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની કાર્યયોજના હજુ અધ્ધરતાલ છે. પાટનગરમાં નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં મુસાફરોને લગતી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પંચાયતો માટે ૩૫૨ ઉમેદવારી પત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૩૫૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં સરપંચ માટે ૧૧૯ ઉમેદવારોએ જ્યારે વોર્ડના સભ્યો માટે ૨૩૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લાના ૧૯૪ ગામોની પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગે ઉમેદવારીપત્ર ભરવાની આડે હવે માત્ર બે જ દિવસ બાકી છે અને ચૂંટણીનો માહોલ જે રીતે જામી રહ્યો છે તે જોતાં ઉમેદવારો વિક્રમી સંખ્યામાં નોંધાશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે સૌથી વધુ ઉમેદવારીપત્રો ગાંધીનગર તાલુકામાં ૧૯૩ ભરાયા છે. જેમાં ૭૧ ઉમેદવારી પત્રો સરપંચ પદ માટે તેમજ ૧૨૨ ઉમેદવારીપત્રો વોર્ડના સભ્યો માટે ભરાયા છે. આ તાલુકાના ૭૧ ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ રહી છે.

જિલ્લામાં બીજા ક્રમે દહેગામ

● અનુસંધાન પાન-૭ પર


અઢારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પિંકી જયેન્દ્ર ભટ્ટ
દેહ વિલય - ૮/૧૨/૧૯૯૮

પ્રિતના પરાગસી હસતી હસાવતી,
પ્રેમની જ્યોત બની જીવન ઊજાળી ગઈ,
પ્રભુના પ્રેમભર્યા આંચળમાં છૂપાઈ ગઈ.
વસતી સદા અમ હૃદયમાં પણ દીસતી નહી નજરમાં
એવી સુમનની સુગંધને અશ્રુભીની શ્રદ્ધાંજલિ...

મા
મમ્મી
હિરેન - સંગિતા
હર્ષ - આદિત્ય

પ્રાર્થના સભા



મારા ધર્મપત્ની શ્રીમતી સવિતાબેન દેવજીભાઈ પ્રજાપતિનું આકસ્મિક દુઃખદ અવસાન તા.૨૫-૧૧-૨૦૧૬ને શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૯-૧૨-૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટનં.૩૮૨-૧, સેક્ટર-૪-બી, ગાંધીનગર. મો. ૯૮૨૫૦૭૩૨૪૧, ૯૮૨૫૦૭૩૨૪૪

લિ.
પ્રેમજીભાઈ કામરાજભાઈ પ્રજાપતિ
ખેમચંદભાઈ કામરાજભાઈ પ્રજાપતિ
વિઠ્ઠલભાઈ કામરાજભાઈ પ્રજાપતિ
રાજેશકુમાર સોમાભાઈ પ્રજાપતિ (જમાઈ)
દિપીકાબેન રાજેશકુમાર પ્રજાપતિ (પુત્રી)
દેવજીભાઈ કામરાજભાઈ પ્રજાપતિ
(સામાન્ય વહીવટ વિભાગ, પ્રોટોકોલ)
જગદીશભાઈ કામરાજભાઈ પ્રજાપતિ
ચેતનભાઈ દેવજીભાઈ પ્રજાપતિ
નિતાબેન ચેતનભાઈ પ્રજાપતિ
યશ ચેતનભાઈ પ્રજાપતિ

ફર્મ : નેશનલ સાઈન સેક્ટર-૧૬, ગાંધીનગર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com